GJSK030024472025

દાખલ તારીખ : ૦૬–૧૧–૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૦૬–૧૧–૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૩–૦૮–૨૦૨૬
અવધિ: ૦–વર્ષ ૯–માસ ૭–દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની**

**અદાલત સમક્ષ, મુકામ–પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૨૦૦૩/૨૦૨૫

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી : રજુસિંહ સરતાનસિંહ રાઠોડ
રહે.વાઘપુર,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા.

ગુન્હો : **ધી પ્રોહી. કલમ– ૬૫ એ એ મુજબ.**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.ડી.ઝાલા

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વગર પાસ પરમીટે વાઘપુર ગામે પોતાના રહેણાક ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં બાથરુમ પાસે એક પ્લાસ્ટિકના કેનમાં દેશી દારૂ લીટર ૩ કિં.રૂા.૬૦૦/– નો વેચાણ સારુ રાખી હાજર નહી મળી આવી ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫ એ એ મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી

એ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઈ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યા બાદ આરોપીની સામે આંક–૨ થી તહોમતનામું ફરમાવેલ છે. સદર તહોમતનામામાં આરોપી એ આંક–૩ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

(૧) આંક : ૬ પંચ સાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણની જુબાની

(૨) આંક : ૮ પંચ સાહેદ સુરેશજી વજાજી મકવાણાની જુબાની

(૩) આંક : ૧૦ ફરીયાદી મહેશભાઈ રાણાભાઈની જુબાની

(૪) આંક : ૧૬ ત.ક.અ. પુંજાભાઈ મહાદેવભાઈની જુબાની

**–: દસ્તાવેજી પુરાવો :–**

(૧) આંક : ૭ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૨) આંક : ૧૧ ફરીયાદ

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનું બી.એન. એસ. એસ ની કલમ–૩૫૧ વિશેષ નિવેદન

નોંધેલ.અમો આરોપી તદન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૫) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલાનાઓ દ્વારા તેમની રજુઆતમાં પંચોની રૂબરૂમાં દારૂ મળી આવેલ છે તેમજ હાલના ગુનાના કામે આરોપી ધ્વારા પ્રોહી. મુદ્દામાલ લાવી ગુનો કરેલ હોય ત્યારે ગુના અંગેની ગંભીરતા તથા સજાની જોગવાઈ વંચાણે લેતા આરોપીને યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૫.૧) આરોપીના વિ.વ.શ્રીનાઓ તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે આરોપી નિર્દોષ છે તથા આ કામે પંચો બનાવવાળી જગ્યાને સમર્થન આપતા નથી અને માત્ર સહી જ કરેલાનું જણાવે છે અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં પણ ત.ક.અ ધ્વારા તેવા કોઈ નિવેદન લીધેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરતા ન હોય ત્યારે આરોપીને મુકત કરવા જોઈએ.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**મુદ્દા નં. (૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના વગર પાસ પરમીટે વાઘપુર ગામે પોતાના રહેણાક ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં બાથરુમ પાસે એક પ્લાસ્ટિકના કેનમાં દેશી દારૂ લીટર ૩ કિં.રૂા. ૬૦૦/- નો વેચાણ સારુ રાખી હાજર નહી મળી આવી ગુનો કરી પ્રોહી. એકટની કલમ-૬૫ એ એ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. (૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ આપું છું :–

મુદ્દા નં. (૧) નકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ...

**–: કારણો :–**

**મુદ્દા નંબર–૧ તથા મુદ્દા નં.૨ :–**

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસેલ સાહેદી પુરાવો જોતાં આંક–૬ અને આંક–૮ થી તપાસેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે આંક–૭ થી રજુ કરેલ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવી પંચનામાની હકીકતો વિશે કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ હોય વિધ્વાન એ.પી.પી. શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.સદર પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે. જેથી સદર પંચની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી નથી.

(૯) આ કામે આંક–૧૦ થી ફરીયાદી મહેશભાઈ રાણાભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે,તા.૨૬/૯/૨૦૨૫ ના રોજ અમો પ્રાંતિજ પો.સ્ટે મુકામે અ.પો.કો તરીકે ફરજ પર હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો વાઘપુર બીટ વિસ્તારમાં પ્રોહી. પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતાં ફરતા વાઘપુર ગામે જતા બાતમી હકીકત મળેલ કે, વાઘપુર ગામના રજુસિંહ સરતાનસિંહ રાઠોડ પોતાના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે જે હકીકત આધારે નજીકમાંથી બે પંચના માણસો બોલાવી હકીકતવાળી જગ્યાએ જતાં આરોપીના રહેણાંક ઘરની પાછળ તપાસ કરતાં

એક પ્લાસ્ટિકનુ કેન જેમાં આશરે ૦૩ લીટર કિ.રૂ. ૬૦૦/– દેશી દારુ ભરેલાનુ જાણવા મળેલ જેમાંથી સેમ્પલ તપાસણી સારૂ ૧૮૦ મી.લી. જેટલો દેશી દારૂ ભરી તેમજ પી.આઇ.શ્રી.પ્રાંતિજના હોદ્દાનુ સીલ કરી પંચો રૂબરૂ પંચનામુ કરી લીધેલ. સદરી વિરુધ્ધ ગે.કા. દેશી દારૂ વેચવાનો ધંધો કરતા હોય અમોએ આ કામે પ્રાંતિજ પો.સ્ટેમા ફરીયાદ આપેલી.જે ફરીયાદ આંક–૧૧ થી રજુ કરેલી છે અને આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવ પક્ષે સાહેદની કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે,પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને ત્યાર બાદ ફરીયાદ કરવામાં આવેલ. ફરીયાદમાં પંચોના નામઠામ લખાવેલ નહી. જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આ કામે આંક–૧૬ થી ત.ક.અ. પુંજાભાઈ મહાદેવભાઈનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે,તા.૨૬/૯/૨૦૨૫ નાં રોજ અમો પ્રાંતિજ પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો વાઘપુર બીટ વિસ્તારમાં પ્રોહી. પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતાં ફરતા વાઘપુર ગામે જતા બાતમી હકીકત મળેલ કે, વાઘપુર ગામના રજુસિંહ સરતાનસિંહ રાઠોડ પોતાના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે જે હકીકત આધારે નજીકમાંથી બે પંચના માણસો બોલાવી હકીકતવાળી જગ્યાએ જતાં આરોપીના રહેણાંક ઘરની પાછળ તપાસ કરતાં એક પ્લાસ્ટિકનુ કેન જેમાં આશરે ૦૩ લીટર કિ.રૂ.૬૦૦/– દેશી દારુ ભરેલાનુ જાણવા મળેલ જેમાંથી સેમ્પલ તપાસણી સારૂ ૧૮૦ મી.લી. જેટલો દેશી દારૂ ભરી તેમજ પી.આઇ. શ્રી. પ્રાંતિજના હોદ્દાનુ સીલ કરી પંચો રૂબરૂ પંચનામુ કરી લીધેલ. સદરી વિરુધ્ધ ગે.કા. દેશી દારૂ વેચવાનો ધંધો કરતા હોય અમોએ આ કામે પ્રાંતિજ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. જે ફરીયાદ

પી.એસ.ઓ. એ સદર ગુનો પ્રાંતિજ પો.સ્ટે. પ્રોહી. પાર્ટ થર્ડ ગુ.ર.નં. ૦૯૨૦/૨૫ થી પ્રોહી. કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ તેમજ આ કામના આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ તેમજ લાગતાવળગતા સાહેદોના નિવદેનો લીધેલા. તેમજ સદર ગુનાના કામે પંચો રૂબરૂનુ પંચનામુ અમોએ કરી લીધેલુ. તેમજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય અમોએ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમજ આરોપીને જોચે ઓળખતા હોવાનું જણાવે છે

બચાવ પક્ષે સાહેદની કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, આ કામે પ્રથમ પંચનામું કરવામાં આવેલ ત્યાર બાદ ફરીયાદ આપવામાં આવેલ. ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી.જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

**:: તારણો ::**

(૧૧) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતોને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી, પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર

રાખવા લાયક હોય તો તે પુરતું છે, પરંતુ જો ફરીયાદ પક્ષના કેસની હકીકતો ઉપર વાજબી શંકા થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

(૧૨) ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લ ેતાં આ કામના આરોપી સામે વગર પાસ પરમીટે દેશી દારૂ રાખવા અંગેનો આરોપ છે. જે અન્વયે આ કામે ફરીયાદ પક્ષે આ કામે તપાસેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોએ રજુ કરેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકત સાબીત કરેલ ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર થયેલ છે. જેથી આ કામના ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને સાબીત કરી શકેલ નથી. ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા ત.ક.અ.ની જુબાની વંચાણે લેતાં આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. વધુમાં જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઈએ, જયારે આરોપીએ માત્ર બચાવ કરવાનો છે. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવાને વંચાણે લેતાં આ કામના આરોપી એ તેઓની સામે ગુનો આચરેલ હોવા સબંધે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર કરેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષે રજુ કરેલ માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ હાથ ઉપરના કેસમાં ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫ એ એ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

## :: **હુકમ** ::

૧. આ કામના આરોપી રજુસિંહ સરતાનસિંહ રાઠોડ, રહે. વાઘપુર, તા. પ્રાંતિજ, જી.સાબરકાંઠાને બી.એન.એસ.એસની કલમ–૨૭૮(૧) મુજબ ધી પ્રોહી. એકટની કલમ– ૬૫ એ એ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના મુદ્દામાલ પાવતીમાં જણાવેલ દારૂનો અપીલ પિરીયડ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ છ માસ માટે જામીન લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૩/૦૮/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
એડી. ચીફ જયુડી. મેજી. , પ્રાંતિજ.
(જજ કોડ–જીજે૦૧૩૮૩)

એસ.સી.પટેલ